## આઇપીએલ પોઇન્ટ ટેબલ

| ક્રમ | ટીમ | મેચ | જીત | હાર | પોઇન્ટ | રનરેટ |
|---|---|---|---|---|---|---|
| 1 | આરઆર | 8 | 7 | 1 | 14 | 0.698 |
| 2 | કેકેઆર | 7 | 5 | 2 | 10 | 1.206 |
| 3 | એસઆરએચ | 7 | 5 | 2 | 10 | 0.914 |
| 4 | એલએસજી | 8 | 5 | 3 | 10 | 0.148 |
| 5 | સીએસકે | 8 | 4 | 4 | 8 | 0.415 |
| 6 | જીટી | 8 | 4 | 4 | 8 | -1.055 |
| 7 | એમઆઇ | 8 | 3 | 5 | 6 | -0.277 |
| 8 | ડીસી | 8 | 3 | 5 | 6 | -0.477 |
| 9 | પીબીકેએસ | 8 | 2 | 6 | 4 | -0.292 |
| 10 | આરસીબી | 8 | 1 | 7 | 2 | -1.046 |

# પંત અને પટેલ પાવરથી દિલ્હી કેપિટલ્સે 224 રન બનાવ્યા

**પાવરપ્લેમાં** જ 44 રનમાં ટોપ ઓર્ડરની 3 વિકેટ ગુમાવનાર દિલ્હીને પંત અને અક્ષરે શતકીય ભાગીદારીથી ઉગાર્યું

**ઋષભ** પંતના નોટઆઉટ 88 અને અક્ષર પટેલના 66 રનની મદદથી દિલ્હીએ ગુજરાત સામે 225 રનનો લક્ષ્યાંક મૂક્યો



નવી દિલ્હી, તા 24 : આઇપીએલમાં આજે બુધવારે અહીં રમાયેલી એક મેચમાં કેપ્ટન ઋષભ પંત અને અક્ષર પટેલની અર્ધ સદી અને તેમની વચ્ચે ચોથી વિકેટ માટે સદીની ભાગીદારીથી દિલ્હી કેપિટલ્સે ખરાબ શરૂઆતમાંથી બહાર આવીને 4 વિકેટે 224 રનનો સ્કોર કરીને ગુજરાત ટાઇટન્સ સામે 225 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

ટાઇટન્સના કેપ્ટન શુભમન ગિલે ટોસ જીતીને દિલ્હીને બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. પૃથ્વી શો અને જેક ફ્રેઝર-મેકગર્કે શરૂઆત તો સારી કરી હતી પણ ફ્રેઝર-મેકગર્ક અને પૃથ્વી બંનેની વિકેટ બે બોલના ગાળામાં પડી ગઈ હતી અને તે પછી શે હોપ પણ આઉટ થતાં દિલ્હીએ પાવર પ્લેમાં 44 રનના સ્કોર પર ત્રણ વિકેટ ગુમાવી હતી. અક્ષરને બેટીંગમાં પ્રમોટ કરીને ત્રીજા ક્રમે મોકલવામાં આવ્યો હતો અને તે પછી તેની સાથે પંત જોડાયો હતો. આ બનેએ માત્ર ટીમની બાજી જ ન સુધારી પણ ઝડપી રન બનાવીને એક મજબૂત સ્કોર પર દિલ્હીને લઇ જવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ બંને વચ્ચે 113 રનની ભાગીદારી થઈ હતી. અક્ષર 43 બોલમાં 5 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી 66 રન કરીને આઉટ થયો હતો. તે પછી પંત સાથે ટ્રિસ્ટન સ્ટબ્સ જોડાયો હતો અને આ બંનેએ માત્ર 18 બોલમાં 67 રનની નોટઆઉટ ભાગીદારી કરી હતી. પંતે 43 બોલમાં 5 ચોગ્ગા અને 8 છગ્ગાની મદદથી 88 રને અને સ્ટબ્સ 7 બોલમાં 3 ચોગ્ગા, 2 છગ્ગાની મદદથી 26 રને નોટઆઉટ રહ્યા હતા. દિલ્હીની ટીમ છેલ્લી પાંચ ઓવરમાં 97 રન ઉમેરવામાં સફળ રહી હતી.

| દિલ્હી કેપિટલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| પૃથ્વી કો.નૂર બો.સંદીપ | 11 | 7 | 2 | 0 |
| મેકગર્ક કો.નૂર બો.સંદીપ | 23 | 14 | 2 | 2 |
| અક્ષર કો.કિશોર બો.નૂર | 66 | 43 | 5 | 4 |
| હોપ કો.રાશિદ બો.સંદીપ | 5 | 6 | 1 | 0 |
| પંત નોટઆઉટ | 88 | 43 | 5 | 8 |
| સ્ટબ્સ નોટઆઉટ | 26 | 7 | 3 | 2 |
| વધારાના | 5 | | | |
| કુલ (20 ઓવર્સમાં 4 વિકેટે) 224 | | | | |

વિકેટપતન : 1/35, 2/36, 3/44, 4/157

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અઝમતુલ્લા ઓમરઝઇ | 4 | 0 | 33 | 0 |
| સંદીપ વોરિયર | 3 | 0 | 15 | 3 |
| રાશિદ ખાન | 4 | 0 | 35 | 0 |
| નૂર અહેમદ | 3 | 0 | 36 | 1 |
| મોહિત શર્મા | 4 | 0 | 73 | 0 |
| શાહરૂખ ખાન | 1 | 0 | 8 | 0 |
| સાઇ કિશોર | 1 | 0 | 22 | 0 |

## આઈપીએલ ડાયરી

### સીએસકેની બેટીંગ દરમિયાન કેમેરામેન પર નારાજ થઇને ધોનીએ પાણીની બોટલ ફેંકવાનો ઇશારો કર્યો



ચેન્નાઇ, તા. 24 : આઇપીએલમાં મંગળવારે અહીં રમાયેલી લખનૌ સુપર જાયન્ટ્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સ વચ્ચેની મેચમાં સીએસકેની ઇનિંગ દરમિયાન જ્યારે અંતિમ ઓવરોમાં ઋતુરાજ ગાયકવાડ અને શિવમ દુબે આક્રમક બેટીંગ કરી રહ્યા હતા ત્યારે એ દરમિયાન કેમેરામેન સતત ડ્રેસિંગ રૂમમાં બેસેલા ધોનીને મેદાન પરની ટીવી સ્ક્રિન પર બતાવી રહ્યો હતો. આવામાં એક તબક્કે ધોની કેમેરામેન પર ખાસ્સો નારાજ થયો હતો અને તેણે પોતાના હાથમાંની પાણીની બોટલ તેના પર ફેંકીને મારવાનો ઇશારો કરીને કેમેરામેનને મેદાન પરની રમત પર ફોકસ કરવાનો ઇશારો જાણે કે કર્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

### 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમ રોમાંચક પરંતુ તેનાથી 'ઓલરાઉન્ડર'ની ભૂમિકા ઘટી ગઇ : એડમ વોગ્સ



ચેન્નાઈ, તા. 24 (પીટીઆઇ) : લખનૌ સુપર જાયન્ટ્સના સલાહકાર એડમ વોગેસ, ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમ પર ચાલી રહેલી ચર્ચામાં જોડાઈને કહ્યું હતું કે તેઓ તેમાં ઓસ્ટ્રેલિયાની બિગ બેશ લીગમાં 'પાવર સર્જ' જેવું કંઈક જુએ છે. પાવર સર્જ નિયમ વધુ પસંદ કરવામાં આવે છે જેમાં બેટિંગ ટીમને બે ઓવરના તબક્કામાં ફિલ્ડિંગ પ્રતિબંધો નક્કી કરવાની તક મળે છે.ઈમ્પેક્ટ પ્લેયર નિયમ છેલ્લી સિઝનમાં રજૂ કરવામાં આવ્યો હતો અને આ સિઝનમાં તેના વિશે ઘણી ચર્ચા ચાલી રહી છે, ભારતીય કેપ્ટન રોહિત શર્મા સહિત ઘણા ખેલાડીઓ તેને ઓલરાઉન્ડરો માટે નુકસાનકારક ગણાવે છે. વોગેસ પણ તેની સાથે સહમત છે અને કહ્યું કે આ નિયમ ક્રિકેટને રોમાંચક બનાવી રહ્યો છે પરંતુ તેનાથી ઓલરાઉન્ડર ખેલાડીઓને નુકસાન થઈ રહ્યું છે. તેણે ચોક્કસપણે ક્રિકેટમાં ઉત્તેજનાનું સ્તર વધાર્યું છે પરંતુ તેનાથી ઓલરાઉન્ડરની ભૂમિકા અને મેચમાં તેના પ્રભાવને પણ થોડો ઓછો કરી રહ્યો છે.

### એવું બેટીંગ સંયોજન શોધવાનો પ્રયાસ છે જે IPLના અંત ભાગે સારો દેખાવ કરે : સ્ટીફન ફ્લેમિંગ



ચેન્નાઈ, તા. 24 (પીટીઆઇ) : ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) બેટીંગ વિભાગમાં તેમની સમસ્યાઓ હલ કરવા માટે કોઈ ઉતાવળમાં નથી અને આઠ મેચમાં તેમની ચોથી હાર હોવા છતાં, મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગે ડેરિલ મિચેલને ટોચના ત્રણ બેટિંગ ક્રમ માટે સમય આપવા તૈયાર છે. સીએસકેએ સમગ્ર સિઝન દરમિયાન ટોચના ત્રણ ક્રમમાં બેટ્સમેનો માટે સંઘર્ષ કર્યો છે. મંગળવારે, લખનૌ સુપર જાયન્ટ્સ સામે, અજિંક્ય રહાણે અને ઋતુરાજ ગાયકવાડ ઓપનીંગમાં આવ્યા હતા જ્યારે મિચેલને ત્રણ નંબર પર બેટિંગમાં ઉતારાયો હતો. ફ્લેમિંગે ઘરઆંગણે સિઝનની પ્રથમ હાર બાદ કહ્યું હતું કે તે યોગ્ય સંયોજન અને ફોર્મ શોધવાના પ્રયાસનું મિશ્રણ છે. અમે કેટલાક વિભાગોમાં થોડી અસ્વસ્થતા અનુભવીએ છીએ તેથી અમે ઝડપી ઉકેલ શોધવાનો નહીં પરંતુ યોગ્ય સંયોજન શોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ જેમાં ખેલાડીઓ ટુર્નામેન્ટના પાછલા ભાગે ટીમમાં યોગદાન આપી શકે.

# આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે સનરાઇઝર્સ હૈદરાબાદની નજર ફરી રનોનું તોફાન કરવા પર

**સનરાઇઝર્સ** હૈદરાબાદના બેટ્સમેનો જે રીતે આક્રમક બેટીંગ કરે છે તેને જોતા તેઓ 300નો સ્કોર પણ કરી શકે છે

**સાંજે** 7.30 વાગ્યાથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો સિનેમા પર



હૈદરાબાદ, તા. 24 (પીટીઆઈ) : સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ ગુરુવારે અહીં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) સામે મેદાનમાં ઉતરશે, ત્યારે તેઓ ફરીથી આક્રમક બેટિંગ કરીને રનનો ઢગલો કરવા માગશે. હાલની સિઝનમાં ત્રણ વખત 250 રનનો આંકડો પાર કરનાર સનરાઈઝર્સ હૈદરાબાદે તોફાની બેટિંગ કરીને મુંબઈ ઈન્ડિયન્સ તેનો પ્રથમ શિકાર બની હતી અને પછી બેંગલુરુમાં આરસીબી સામે ત્રણ વિકેટે 287 રન બનાવીને ટૂર્નામેન્ટનો સૌથી વધુ સ્કોર બનાવ્યો હતો.

આ ઓછુ હોય તેમ સનરાઈઝર્સે દિલ્હી કેપિટલ્સ સામે પાવરપ્લેમાં એકપણ વિકેટ ગુમાવ્યા વિના 125 રનનો રેકોર્ડ બનાવીને આઈપીએલમાં પ્રથમ વખત 300 રનનો આંકડો પાર કરવાની સંભાવના પણ ઊભી કરી હતી. આ સ્થિતિમા આવતીકાલે ગુરુવારે પણ આરસીબીના નબળા બોલિંગ આક્રમણ સામે સનરાઈઝર્સ કેટલાક રેકોર્ડ બનાવે તો નવાઈ નહીં. આરસીબીના બોલિંગ વિભાગનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેનો સર્વશ્રેષ્ઠ બોલર યશ દયાલ સાત વિકેટ સાથે યાદીમાં 24મા સ્થાને છે. આઠમાંથી સાત મેચ હાર્યા બાદ ટેબલના તળિયે બેસેલી આરસીબી તેની છેલ્લી પાંચ મેચોમાં ઓછામાં ઓછા 180 રન આપ્યા છે અને છેલ્લી બે મેચમાં હરીફ ટીમે તેમની સામે 200થી વધુ રન બનાવ્યા છે. આરસીબીના બેટ્સમેનોએ તેમની બોલિંગની ખામીઓને સરભર કરવાનો ભરપૂર પ્રયાસ કર્યો છે પરંતુ સંતુલનની દૃષ્ટિએ આટલી નબળી ટીમ માટે ઓલરાઉન્ડ પ્રદર્શન કરવું અશક્ય લાગે છે. આરસીબીએ બેટિંગમાં જોરદાર જુસ્સો બતાવ્યો પરંતુ તેમ છતાં તેઓ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે માત્ર એક રનથી હારી ગયા હતા. વિરાટ કોહલી 379 રન બનાવ્યા બાદ 'ઓરેન્જ કેપ' ધરાવતો ટૂર્નામેન્ટમાં આરસીબીનો અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ બેટ્સમેન છે.

પ્રથમ ગુજરાત સુપર લીગ (GSL)ની ટ્રોફીનું પરિમલ નથવાણીએ અનાવરણ કર્યું

# ગુજરાતમાં ફૂટબોલની રમતને મજબૂત કરવા GSFAની આ એક મોટી પહેલ છે: નથવાણી

**દરેક** ટીમ એકબીજા સામે એક મેચ રમશે અને ટોચની બે ટીમ 12મી મે 2024ના રોજ સાંજે 7 વાગ્યે ફાઇનલ મેચ રમશે.

### તા. 1લી મેથી 12મી સુધી અમદાવાદ ખાતે ફૂટબોલ મેચ રમાશે, વિજેતા ટીમ 11 લાખ મેળવશે

GSL ટુર્નામેન્ટ 1લી મે થી 12મી મે 2024 દરમિયાન અમદાવાદમાં EKA એરેના, ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાવાની છે. મેચના દિવસો 1લી, 2જી, 4થી, 5મી, 8મી, 10મી મે છે. ફાઇનલ 12મી મે 2024ના રોજ રમાશે. GSL મેચો આશાસ્પદ અને રોમાંચક બનવાની છે અને ફૂટબોલના ઉત્સાહીઓને કેટલીક અવિસ્મરણીય ક્ષણો પૂરી પાડશે. દરેક ટીમ એકબીજા સામે એક મેચ રમશે અને ટોચની બે ટીમ 12મી મે 2024ના રોજ સાંજે 7 વાગ્યે ફાઇનલ મેચ રમશે. GSLમાં વિજેતા ટીમને રૂ. 11 લાખનું ઇનામ આપવામાં આવશે, જ્યારે રનર્સ અપ રહેનારી ટીમને રૂ. 5 લાખનું ઇનામ મળશે. આ સાથે જ, સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરાનારા ખેલાડીઓને જુદી-જુદી આઠ કેટેગરીમાં રૂ. 25,000નું ઇનામ આપવામાં આવશે, તેમજ દરેક મેચના પ્લેયર ઓફ ધ મેચને રૂ. 5,000નું ઇનામ આપવામાં આવશે.

અમદાવાદઃ ગુજરાત સુપર લીગ (GSL)એ ગુજરાત રાજ્યમાં ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલની એક મોટી પહેલ છે. GSLમાટેની પ્રતિષ્ઠિત ટ્રોફીનું આજે રાજ્યસભા સાંસદ અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA)ના પ્રમુખ પરિમલ નથવાણી દ્વારા અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે GSLમાં ભાગ લેનારી ટીમના માલિકો, પ્રાયોજકો અને સમર્થકો હાજર રહ્યા હતા.

પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં પ્રથમ વખત ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલ લીગનો પ્રારંભ થઈ રહ્યો છે. ગુજરાતમાં ફૂટબોલની રમતને મજબૂત કરવા માટે GSFAની આ એક મોટી પહેલ છે. GSFAને ગર્વ છે કે ગુજરાતના ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગપતિઓએ GSLના વિચારને હૃદયપૂર્વક આવકાર્યો અને ટીમની માલિકી માટે સહેલાઈથી સંમત થયા હતા. દરેક ટીમના માલિકે તેમની ટીમનું નામ પ્રેમપૂર્વક રાખ્યું છે.

અમદાવાદ એવેન્જર્સ (ગોડ TMT અને વિવાન ધ રાઈટ સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ), ગાંધીનગર જાયન્ટ્સ (ANVI સ્પોર્ટ્સ), કર્ણાવતી નાઈટ્સ (ધ એડ્રેસ), સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ (અક્ષિતા કોટન લિમિટેડ અને બીલાઈન), સુરત સ્ટ્રાઈકર્સ (લોયલ ઈક્વિપમેન્ટ્સ લિમિટેડ), વડોદરા વોરિયર્સ (કે એન્ડ ડી કોમ્યુનિકેશન લિમિટેડ) આમ, GSLટુર્નામેન્ટમાં જે છ ટીમ ભાગ લેશે.

પરિમલ નથવાણીએ વધુમાં કહ્યુ હતું કે "અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત ફૂટબોલમાં હજુ ઘણું પાછળ છે. ગુજરાત સુપર લીગ રાજ્યમાં ફૂટબોલની લોકપ્રિયતા વધારવા માટેની નાનકડી પહેલ છે. GSLમાં હાલ છ ટીમ છે, પરંતુ આગામી ત્રણ-ચાર વર્ષમાં અમે ટીમની સંખ્યા વધારીને 12 સુધી લઇ જવાનું આયોજન ધરાવીએ છીએ."

## સુડોકુ ૪૯૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | | | ૪ | ૮ | ૫ | ૬ | ૩ |
| ૮ | | | | ૯ | | ૧ | | |
| | | ૩ | | | ૨ | ૮ | ૯ | ૪ |
| | ૪ | | | ૩ | ૧ | | | |
| ૫ | | | | ૨ | ૪ | | ૭ | ૧ |
| | ૧ | | | ૫ | | ૪ | | ૨ |
| ૪ | | ૫ | ૨ | | | | | |
| | ૭ | ૧ | ૪ | | ૩ | ૨ | ૫ | ૬ |
| ૩ | | | ૯ | ૧ | | ૭ | ૪ | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### કેસૂડાં - ગુલકંદ

ગુલ એટલે ફૂલ અને કંદ એટલે મીઠાઈ, પાક એવી અમારી નિર્દોષ સમજ છે. મૂળ યુનાની પદ્ધતિ છે. ભારતમાં સર્વત્ર સ્વીકાર્ય છે.

ગુલાબ ઉપરાંત શીમળો, અરડૂસી, ગરમાળો, ધાવડી, મહુડો, કેસૂડાંનો ગુલકંદ બનાવી શકાય છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### બોઈંગને પ્રથમ...

ફોજદારી કાર્યવાહીથી બચી ગઈ હતી. બોઈંગના સીઈઓ ડેવિડ કેલ્હૌને કંપની દ્વારા લેવામાં આવેલા શ્રેણીબદ્ધ પગલાંઓની માહિતી આપી અને ઉત્પાદન ગુણવત્તા સુધારવામાં 'નોંધપાત્ર પ્રગતિ'નો અહેવાલ આપ્યો, આ સુધારામાં મોટાભાગે ઉત્પાદન ધીમુ કરીને કરાયા હતા, જેનો અર્થ છે કે તેના એરલાઈન ગ્રાહકો માટે ઓછા વિમાનોનું ઉત્પાદન થશે.

### અમેરિકી સેનેટે...

જેથી અમે આ અઠવાડિયે યુક્રેનને શસ્ત્રો અને સાધનો મોકલવાનું શરૂ કરી શકીએ', એમ બાઈડેને એક નિવેદનમાં જણાવ્યું હતું.

જરૂરિયાત તાકીદની છે, યુક્રેન માટેઃ રશિયા તરફથી અવિરત બોમ્બમારોનો સામનો કરી રહ્યું છે, ઈઝરાયેલ માટેઃ જેણે હમણાં જ ઈરાન તરફથી અભૂતપૂર્વ હુમલાઓનો સામનો કરવો પડ્યો, શરણાર્થીઓ અને ગાઝા, સુદાન અને હૈતી સહિત વિશ્વભરમાં સંઘર્ષો અને કુદરતી આફતોથી પ્રભાવિત લોકો માટે, અને હિંદ-પ્રશાંતમાં સુરક્ષા અને સ્થિરતા ઈચ્છતા અમારા ભાગીદારો માટે', એમ તેમણે કહ્યું.

બિલના વ્યાપકપણે ચાર ભાગો છેઃ પ્રથમ, 60.8 બિલિયન ડોલર યુક્રેનની સહાય માટે, ઈઝરાયેલ અને માનવતાવાદી રાહત માટે 26.4 બિલિયન ડોલર, તાઈવાન અને અન્ય હિંદ-પ્રશાંત ક્ષેત્રના સહયોગીઓ માટે 8.1 બિલિયન ડોલર પેકેજ અને ટીકટોકથી માંડીને રશિયન સંપત્તિઓને ફ્રીઝ કરવા સુધીના મુદ્દાઓ માટે.

### વારસાઈ વેરો...

ચોથી હકીકતઃ એવા સમાચારો સામે આવ્યા કે મોદી સરકાર કેન્દ્રીય બજેટ 2019માં વારસો કર લાગુ કરશે.

તેમણે અમેરિકાના સંદર્ભમાં પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા છે, જેની આપણા માટે કોઈ સુસંગતતા નથી. તેઓ કોંગ્રેસ વતી બોલતા નથી ", તેમ કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું.

### કોંગ્રેસ કી...

'(કોંગ્રેસનો મંત્ર લોકોને ત્યારે લૂંટવાનો છે જ્યારે તેઓ જીવતા હોય અને મૃત્યુ પછી પણ).

જ્યાં સુધી તમે જીવતા હશો ત્યાં સુધી કોંગ્રેસ વધુ કર લાદશે અને તમારા જીવનના અંત પછી, તે તમારા પર વારસો કરનો બોજ લાદશે. તેઓ (કોંગ્રેસ) તમારી સંપત્તિ અને તમારા બાળકોના અધિકારો ઇચ્છે છે. તેમણે મધ્યપ્રદેશમાં પોતાની રેલીઓમાં પણ આવી જ રીતે વાત કરી હતી.

### દિલ્હી ડાયરી...

વિકસિત ભારત 2047 વિઝન પર તાજેતરના મંથન સત્ર દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય અમલદારશાહી પર કટાક્ષ કર્યો હતો. સત્રમાં, જેમાં સચિવો અને ઉચ્ચ સરકારી અધિકારીઓ દ્વારા ઓળખાયેલા ક્ષેત્રોની શ્રેણી પર પ્રસ્તુતિઓ જોવા મળી હતી. સત્રમાં વડા પ્રધાને એવું કહ્યું હતું કે, 19મી સદીની અમલદારશાહી 21મી સદીમાં કામ કરશે નહીં. બેઠકમાં આગામી પાંચ વર્ષ માટેના વિગતવાર એક્શન પ્લાનની ચર્ચા કરવામાં આવી હતી. તેમના તરફથી વડા પ્રધાને છેલ્લી બેઠકોમાં પણ સચિવો સાથે વિવિધ રીતે મુદ્દા પર પ્રકાશ પાડ્યો હતો. જોકે, તેમણે પોતાના મુદ્દાને મજબૂત કરવા અને અમલદારશાહી પર નિશાન સાધવાની આ તક ગુમાવી ન હતી. જેમ કે તેઓ પોતાની જાતને સખત ટાસ્કમાસ્ટર તરીકે રજૂ કરે છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી લક્ષ્યાંકિત પ્રેક્ષકોને પ્રભાવિત કરવાની કોઈ તક જવા દેતા નથી, પછી ભલે તે બીજો પક્ષ ગમે તેટલો વરિષ્ઠ અથવા શક્તિશાળી હોય. આશા છે કે, ભારત સરકારના સચિવોએ મોદીના અવલોકનમાંથી એક-બે બોધપાઠ લીધો હશે. કેટલીકવાર આવા અવલોકનો ખાસ કરીને અધિકારીઓ પર પણ નિરાશાજનક અસર કરી શકે છે.

### ઉમેદવારો સસ્તી પ્રસિદ્ધિ મેળવવા વિવિધ યુક્તિઓ અજમાવે છે

કેન્દ્રીય મંત્રી અને જમ્મુ અને કાશ્મીરના જમ્મુ ક્ષેત્રના કઠુઆ-ઉધમપુર મતવિસ્તારના ભાજપના ઉમેદવાર ડો. જિતેન્દ્ર સિંહ, જેઓ લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન તેમના મતવિસ્તારમાં પ્રચાર કરી રહ્યા હતા, તેમણે તેમના કાફલાને હાઇવે પર અટકાવ્યો હતો, જ્યારે એક વૃદ્ધ મહિલાના આશીર્વાદ લેવા માટે તેમના પર્વતીય મતવિસ્તારમાં પ્રચાર કરી રહ્યા હતા. ચૂંટણી પ્રચારમાં તેમની સાથે રહેલાં સૂત્રોના જણાવ્યા અનુસાર, ડો.સિંહ કારમાંથી નીચે ઊતર્યા, મહિલાના પગ સ્પર્શ્યા અને તેને ગળે લગાડ્યા. આ તે મહિલા અને મંત્રી માટે એક ખાસ ક્ષણ હતી જેમણે કહ્યું હતું કે તેઓ તેમની રાજકીય કારકિર્દીની શરૂઆતમાં ઉધમપુરના એક ગામમાં આ મહિલાના ઘરે રહેતા હતા જ્યારે તેમની પાસે સંસાધનોનો અભાવ હતો. ડો.સિંહ વિશે કંઈ નવું નથી. હરીફ ઉમેદવારો, ખાસ કરીને સત્તાધારી પક્ષ અથવા ગઠબંધન સાથે જોડાયેલા ઉમેદવારો મુખ્યત્વે સસ્તી પ્રસિદ્ધિ અને મીડિયા હેડલાઇન્સ મેળવવા માટે આવી યુક્તિઓનો આશરો લે છે.

# લોંગ જમ્પર મુરલી શ્રીશંકરે દોહામાં ઘૂંટણની સર્જરી કરાવી

**ઓલિમ્પિક્સ** માટેની ટ્રેનિંગ દરમિયાન ઘાયલ થયેલો શ્રીશંકર આખી સિઝનમાંથી આઉટ થઇ ગયો



નવી દિલ્હી, તા. 24 (પીટીઆઇ) : ભારતના લાંબી કૂદના અનુભવી એથ્લેટ મુરલી શ્રીશંકરે દોહામાં તેના ઈજાગ્રસ્ત ઘૂંટણની સર્જરી કરાવી હતી. આ ઈજાના કારણે તે જુલાઈ-ઓગસ્ટમાં યોજાનારી પેરિસ ઓલિમ્પિક્સમાંથી બહાર થઈ ગયો છે. 25 વર્ષીય ખેલાડીની દોહામાં સર્જરી કરવામાં આવી હતી. શ્રીશંકરે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે દોહાની એસ્પેટ હોસ્પિટલ ખાતે ડો. બ્રુનો ઓલોરીના નેતૃત્વમાં સર્જરી સફળ રહી. આ મુશ્કેલ સમય દરમિયાન તમારા પ્રેમ અને આશીર્વાદ માટે આપ સૌનો આભાર. સર્જરીના માત્ર 18 કલાક પછી હું ચાલી શકવા માટે સક્ષમ છું. ડો. ઓલોરી ફ્રાન્સના ઓર્થોપેડિક સર્જન છે.

એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલિસ્ટ શ્રીશંકરે 8.37 મીટરના પ્રયાસ સાથે 2023 એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતીને પેરિસ ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય કર્યું હતું. તેને પ્રેક્ટિસ દરમિયાન આ ઈજા થઈ હતી જેના કારણે તે આખી સિઝન માટે રમતથી દૂર છે. શ્રીશંકરે પોતાની ઈજા વિશે સોશિયલ મીડિયા પોસ્ટમાં માહિતી આપી હતી. તેણે કહ્યું હતું કે, દુર્ભાગ્યે, તે એક દુઃસ્વપ્ન જેવું લાગે છે પરંતુ તે વાસ્તવિકતા છે, પેરિસ ઓલિમ્પિકનું મારું સપનું ચકનાચૂર થઈ ગયું છે. મંગળવારે (16 એપ્રિલ) તાલીમ દરમિયાન મને ઘૂંટણની ઈજા થઈ હતી અને પરીક્ષણો અને પરામર્શ પછી નિર્ણય લેવામાં આવ્યો હતો કે મારે સર્જરી કરાવવી પડશે. ગયા વર્ષે જૂનમાં, શ્રીશંકર ત્રીજા સ્થાને રહીને ડાયમંડ લીગ સ્પર્ધામાં ટોચના ત્રણમાં સ્થાન મેળવનાર ત્રીજો ભારતીય બન્યો હતો.

## આજનું પંચાંગ

**તા. 25/04/2024, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** ચૈત્ર
**તિથિઃ** વદ : એકમ: 06:47 પછી બીજ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ : 05
**નક્ષત્ર :** વિશાખા : 16:24
**યોગઃ** વ્યતિપાત **કરણ :** તૈતિલ
**રાશિ :** તુલા (ર.ત.) 20:01 પછી વૃશ્ચિક (ન.ય.)
**દિવસ :** અશુભ બુધ માર્ગી: 18:25 થી
**સુરતમાં સૂર્યોદય :** 06:14 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
**નવકારસી :** 07:02
**પારસી વર્ષ :** 1393, આદર માસનો 14 મો રોજ
**મુસલમાન વર્ષ :** 1445, શવ્વાલ માસનો 15 મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે 13:30 થી 15:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.):** પાર્ટનરો સાથે મિટીંગનું પરિણામ હકારાત્મક મળે. સામાજીક પ્રવૃત્તિથી માન વધે.

**વૃષભ (બ.વ.ઉ.):** શત્રુઓથી અશાંતિ વધશે. નોકરીમાં નવી જવાબદારી આવે. ખર્ચા વધશે.

**મિથુન (ક.છ.ઘ.):** આવકમાં વધારો થાય મોજ-શોખ, હીરા ઝવેરાતના ધંધામાં લાભ થાય. મિત્રોનો સાથ મળે.

**કર્ક (ડ.હ.):** બહારના કામમાં મદદ મળે. વડીલો સાથે મકાન બાબતે વિચાર-વિમર્શનું પરિણામ મળે.

**સિંહ (મ.ટ.):** દલાલીના કામમાં અનુકૂળતા થાય. બીજાને મદદરૂપ બનશો. અટકેલાં કામ પાર પડશે.

**કન્યા (પ.ઠ.ણ.):** ખાણી-પીણીના ધંધામાં આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવે.ઘરમાં તાલમેળ વધશે.

**તુલા (ર.ત.):** કાલ્પનિક અને ક્રીએટીવ બનશો નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય નવી તક મળે.

**વૃશ્ચિક (ન.ય.):** ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવાનું બને સામાજીક પ્રવૃત્તિથી શાંતિ મળે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** મિત્રો સાથે મનોરંજન થાય. ઉંમરલાયકના વિવાહ થાય.પ્રેમમાં સફળતા મળે.

**મકર (ખ.જ.):** નોકરી -ધંધા માટે નવી યોજના પાર પડે.આવકમાં વધારો થાય. સરકારી કામ થાય.

**કુંભ (ગ.સ.શ.ષ.):** વિદેશ પ્રવાસ આયાત-નિકાસ ઉચ્ચ શિક્ષણમાં અનુકૂળતા વધશે.


**મીન (દ.ચ.ઝ.થ.):** સરકારી યોજનાનો લાભ મળે. વિમા-એજન્સીનાં કામ પાર પડશે.

### કોઇ પણ સાલમાં 25 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં પ્રમોશન સાથે નવી જવાબદારી અને દોડધામ તથા કાર્ય બોજ વધશે. નવી ટેક્નોલોજી અને નવા નિયમો પ્રમાણે કામ કરવું પડશે. વડીલો સાથે ઘર્ષણ થાય સંતાનોના કામની ચિંતા સતાવે. સમાજમાં તાલમેળ રાખવો પડે. ઉંમર લાયકના વિવાહની વાતમાં વિઘ્નો આવે છતાં પણ સરકારી કામ, કોર્ટ કચેરીમાં વિઘ્નો આવે. વિદેશ પ્રવાસ, વિદ્યાભ્યાસ અને આયાત-નિકાસમાં તક મળે. વર્ષની શરૂઆતમાં નવા ઘર, વાહન, મકાનના કામ થાય. વારસામાં વિઘ્નો આવે. મિત્રોની મદદ સંતાનોના કામમાં મળે. યાત્રા પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે.જૂન-જુલાઈમાં નવી તકથી લાભ થાય. ઓગસ્ટ સપ્ટેમ્બરમાં અશાંતિ જનક ઘટના ઘટશે.

## શબ્દગુંફન - ૬૬૪૮

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. જેની આરપાર દેખાય એવું (૫)
૪. આરંભ, શરૂઆત (૪)
૬. બાતમી, પગેરું (3)
૭. આલાપ, ધૂન (૨)
૯. હશે, છોને (૨)
૧૦. હોડી (૨)
૧૨. અનાથ બાળક (3)
૧૩. ઝાડ કે ફળની અંદરનો ગર્ભ (૨)
૧૪. પોતાનું (૨)
૧૫. આદર, સન્માન (૨)
૧૬. શિક્ષણ, કેળવણી (3)
૧૮. પાર્વતી (૨)
૨૧. લોહી (૨)
૨૨. આતુરતા, ચટપટી (૪)
૨૩. ડહાપણ (૪)
૨૫. મસ્તી,ધૂન (૨)
૨૭. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
30. મહેક, ખુશબો (૪)
૩૨. ક્રોધનો આવેશ (૨)
33. નકામું, બાદ કરેલું (૨)

**ઊભી ચાવી**

૧. લાયકાત (3)
૨. રહેમ, કૃપા (૨)
3. ખામી, ઘટ, ખોટ (3)
૪. ખેડયાવિનાનું (૪)
૫. રેતીનું મેદાન (૨)
૮. આંખ (3)
૯. હેત, લાગણી (3)
૧૧. હાથી (૨)
૧૩. મનનું વલણ (૨)
૧૪. દૂર કરવું તે, ફેંસલો (૪)
૧૫. માન્ય હોવું તે (3)
૧૭. ગરક, તલ્લીન (૨)
૧૯. નમ્રતાથી રજૂ કરવું તે (૪)
૨૦. વાણી, બોલી (૨)
૨૩. ભપકો, દેખાવ (૨)
૨૪. ઉત્તમ, શુદ્ધ (3)
૨૫. ગાયનના ઠોકનું માપ (૨)
૨૬. કિનારો, તીર (૨)
૨૭. આનંદ, લહેર (૨)
૨૮. દમયંતિનો પતિ (૨)
૨૯. ઠંડું (૨)
30. દરજ્જો, ઉપાધિ (૨)
૩૧. ફરિયાદ, રાજા (૨)

